## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ કેટલો નાલાયક છે એ હું જાણું છું, અને તો પણ એમને કહે છે કે... મારે લાયક કામ હોય તો કહેજો...!!





## ગાંધીનગરમાં કલા મહાકુંભની જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગરના સેક્ટર-૭ સ્થિત ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા કલા મહાકુંભ-૨૦૧૮નુ આયોજન અંતર્ગત જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સાથે કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ સ્કૂલ સહિત બંને સ્થળે કુલ ૧૨ સ્પર્ધાઓ યોજાઈ હતી. ગાંધીનગર જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત જિલ્લાકક્ષાના કલા મહાકુંભ-૨૦૧૮માં દહેગામ, માણસા, છત્રાલ-કલોલ, મોટા ચિલોડા, મગોડી ખાતે પણ વિવિધ ૧૨ સ્પર્ધાઓ યોજાઈ હતી. ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા કક્ષાએ તેમજ ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ઝોનકક્ષાએ સ્પર્ધાઓ ચાલી રહી છે. આગામી દિવસોમાં વિજેતા સ્પર્ધકો ૨૭મી જુલાઈથી ગાંધીનગર ગ્રામ્યમાં જિલ્લાકક્ષાએ ભાગ લેશે. આ સ્પર્ધાઓ તા. ૨૭ જુલાઈથી ૩જી ઓગષ્ટ દરમ્યાન યોજાશે. જેમાં વિજેતા સ્પર્ધકો પ્રદેશ કક્ષા તથા રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

# કડી વિશ્વવિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપની તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પાંચ દિવસીય ''ઉદ્દમી સર્વ નેતૃત્વ'' નિવાસી તાલીમ શીબીરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી ખાતે કરવામાં આવ્યુ, જેમાં ૧૫ વિવિધ કોલેજોમાંથી ૬૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



સમગ્ર કાર્યક્રમમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્થિત રહી સવારે ૫ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સતત પ્રવૃત્તિશીલ રહીને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વનું શિક્ષણ આપતા જણાવ્યું કે જીવનમાં સફળ થવા માટે સૌથી પહેલા તમે તમારૂ સાંભળો એટલે કે પરથી ખસીને, સ્વમાં વસશો તો તમારા જીવનમાં ખુશી, આનંદ અને ઉલ્લાસથી ભરપુર બની રહેશે. હરીફાઈ ભરેલા જીવનમાં ટોચ ઉપર રહેવા માટે જીવનમાં પાંચ પ્રકારના વિકાસની વાત કરવામાં આવી હતી જેમકે શારીરિક,



માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને અધ્યાત્મિક વિકાસ. 'વસુધેવ કુટુમ્બકમ્'નો ભાવ જગાડવા જ્ઞાતિવાદ અને કોમવાદથી ઉપર ઉઠી સારા માનવ બનવા આહવાન કર્યુ હતુ. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે નિષ્ઠાબેન ઠાકરે ઉપસ્થિત રહી પોતાના જીવન સંઘર્ષની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી. સાથે સાથે પૂર્વ તાલીમાર્થી શ્રેયા, અમિતા, મુસ્કાન દ્વારા સમાજ ઉત્થાનનાં પ્રોજેક્ટ્સની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને મહેસાણાના ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટની મુલાકાત કરાવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વતાલીમાર્થી સુરજ મુંજાણી, આશિષ સોલંકી, રજત જોશી અને કૌશિક કલાલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## જલારામ મંદિર ખાતે ફિઝીયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર શહેરના સુપ્રસિદ્ધ યાત્રાધામ જલારામ ધામ સેક્ટર-૨૯ ખાતે આજે સવારના ૯ થી ૧ કલાક દરમિયાન ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફીઝીયોથેરાપી કેમ્પનો ૪૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

## કલોલ આઈટીઆઈમાં વિવિધ ટ્રેડોમાં પ્રવેશ અંગે જોગ

ગાંધીનગર, તા. ૨૩

સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, કલોલ ખાતે ચાલતા વ્યવસાયના ટ્રેડોમાં પ્રથમ પ્રવેશ રાઉન્ડના અંતે તેમજ ટ્રેડ ટ્રાન્સફર થયા બાદ ખાલી રહેલી વ્યવસાયમાં બેઠકો પર પ્રવેશ મેળવવા માટે ઈચ્છુક ઉમેદવારો પ્રવેશ ફોર્મ ભરવા તેમજ રજીસ્ટ્રેશનની કાર્યવાહી તા. ૨૭મી જુલાઈ થી તા. ૧૧મી ઓગષ્ટ, ૨૦૧૮ સુધી કરી શકશે. વધુ માહિતી માટે આચાર્યશ્રી, ઔધોગિક તાલીમ સંસ્થા, કલોલનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવ્યું છે.



## ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

તાલુકાના ચિલોડા ખાતે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ચિલોડા ગ્રામ પંચાયત તથા હોમગાર્ડ સબ યુનિટના સંયુક્ત ઉપક્રમે વન મહોત્સવની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હોમગાર્ડ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફીસર એન.જે. સોલંકી, પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો, હોમગાર્ડ જવાનોની ઉપસ્થિતિમાં ગ્રામ પંચાયત કચેરી, બહુચર માતાજીના મંદિરના પટાંગણમાં, સીતામાતાજીના મંદિરે ૭૫ થી વધુ વિવિધ જાતના રોપા ઔષધિ વનસ્પતિ રોપી પર્યાવરણ બચાવવા માટે સંકલ્પ લીધા હતા. પી.એલ.વી. નટુભાઈ પટેલે એક વૃક્ષ જીવન અને પર્યાવરણ બચાવો, ઔષધિ વનસ્પતિ, વૃક્ષોનો ઉછેર, જાળવણી અને વૃક્ષોનું મહત્વ વિશે સમજાવ્યુ હતુ. ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીએ ચરકસંહિતામાં વૃક્ષનું વિશેષ મહત્વનું વર્ણન કરી દરેકે ઓછામાં ઓછુ એક વૃક્ષનો ઉછેર કરી નાગરિકની ફરજ અદા કરવા અનુરોધ કર્યો હતો.

## રાજ્યકક્ષાનો વન મહોત્સવ ભૂજના રૂદ્રમાતા ડેમસાઈટ પર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

૬૯મા વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી આગામી તા. ૨૭મી જુલાઈ-૨૦૧૮ને શુક્રવારના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ભૂજ ખાતે કરાશે.

રૂદ્રમાતા સાઈટ ભૂજ ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજાનાર આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે ''રક્ષકવન''નો લોકાર્પણ સમારોહ યોજાશે. આ વેળાએ આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન મંત્રીશ્રી, ગણપતસિંહ વસાવા, શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, વન રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકર, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વાસણભાઈ આહિર પણ ખાસ ઉપસ્થિત રહેશે.

## દિવ્યાંગ પારિતોષિક માટે ૭મી ઓગષ્ટ સુધી અરજી કરી શકાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં શારીરિક ક્ષતિ ધરાવતા શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને નોકરી રાખતા શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓને થાળે પાડવાની કામગીરી કરતા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફિસર્સ માટે રાષ્ટ્રીય-રાજયકક્ષાના દિવ્યાંગ પારિતોષિક– ૨૦૧૮ માટે અરજી મંગાવવામાં આવે છે.

આ કેટેગરીઓની અરજીઓનો નમૂનો ખાતાની વેબસાઈટ www. employment. gujarat. gov. in પરથી તથા જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર ખાતેથી વિના મૂલ્યે તા. ૬ ઓગષ્ટ, ૨૦૧૮ સુધી મળી રહેશે. તેમજ ભરેલ અરજી પત્રકો ઉક્ત કેટેગરીમાં ભાગ લેવા માંગતા તથા રસ ધરાવતા વ્યક્તિઓ/કંપનીઓ સાધનિક દસ્તાવેજોના બિડાણો સહિત બે નકલમાં ગાંધીનગર જિલ્લાના વ્યક્તિઓએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પહેલો માળ, સી- વિંગ સહયોગ સંકુલ, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે તા. ૭ ઓગષ્ટ, ૨૦૧૮ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફત જરૂરી બિડાણો સહિત મળી જાય તે રીતે મોકલી આપવાનું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# રાજસ્થાનથી આવતી લકઝરી બસમાંથી ત્રણ બોટલ દારૂ સાથે મુસાફર ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૩

ચિલોડા સર્કલે રાજસ્થાનથી અમદાવાદ તરફ જતી લકઝરી બસોમાંથી વિદેશી દારૂની હેરાફેરીના કિસ્સા વધી જતાં પોલીસ હરકતમાં આવી છે ત્યારે રાજસ્થાનથી અમદાવાદ જતી લકઝરી બસમાં વાહન ચેકીંગ દરમિયાન લકઝરીમાં સવાર એક મુસાફરને ચિલોડા પોલીસે વિદેશી દારૂની ત્રણ બોટલ સાથે ઝડપી લીધો છે.

તા. ૨૧મી સાંજના સુમારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા પોલીસ સ્ટાફના વસંતભાઈ અને અલ્પેશકુમાર સહિત ચિલોડા સર્કલ પાસે વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમીના આધારે રાજસ્થાનથી અમદાવાદ તરફ જઈ રહેલ લકઝરી બસમાં એક મુસાફર પોતાના થેલામાં વિદેશી દારુના જથ્થા સાથે સવાર છે તેવી બાતમી મળતા પોલીસે વાહન ચેકિંગ ઝુબેશમાં બાતમીવાળી લકઝરી બસ આર.જે. ૧૨ પી.એ. ૩૪૨૧ આવતાં ઉભી રાખી અંદર ચેક કરી પુછપરછ કરતાં મુસાફર રાજુ મેઘા ડામોર રહે. નરોડાનું હોવાનું ખુલ્યું હતું. રૂ. ૬૦૦ની કિંમતની દારૂની બોટલો રાજસ્થાનના ડુંગરપુરના એક ઠેકા પરથી ખરીદી પોતાના મોજશોખ માટે સાથે લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આ અંગે આરોપીને ઝડપી લઈને તેની વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ હે.કો. અલ્પેશકુમાર ચૌધરી ચલાવી રહ્યા છે.

# નાણા પંચની સાથે બેઠકમાં પ્રભાવક રજૂઆત

## ગુજરાતનું નેશનલ જીડીપીમાં ૭.૬ ટકા યોગદાન : પરફોર્મન્સ આધારિત પ્રોત્સાહન આપવા રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતની મુલાકાતે આવેલા ૧૫માં કેન્દ્રીય નાણાંપંચ સમક્ષ આજે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય સરકાર સાથેની બેઠકમાં નાણાંપંચે રાજ્યોને પરફોર્મન્સ બેઈઝડ પ્રોત્સાહન આપવાની બાબત પંચના માપદંડમાં આવરી લેવા આગ્રહપૂર્વક અનુરોધ કર્યો હતો. વિજયભાઈ રૂપાણીએ આ સંદર્ભમાં કહ્યું કે, આના પરિણામે રાજ્યો નાણાકીય તથા અન્ય સામાજીક-આર્થિક પરિપ્રેક્ષ્યમાં બહેતર પ્રદર્શન-પરફોર્મન્સ માટે પ્રેરિત થશે અને દેશ સતત સર્વગ્રાહી વિકાસના પથ પર તેજ ગતિએ આગળ વધશે. કેન્દ્રીય નાણાંપંચના અધ્યક્ષ એમ. કે. સિંઘના અધ્યક્ષસ્થાને ગુજરાત સરકાર સાથેની આ બેઠકમાં નાણાંપંચના સભ્યો સર્વ શ્રી શશીકાંતા દાસ, અનુપસિંઘ, ડૉ. અશોક લાહીરી, ડૉ. રમેશચાંદ તેમજ સચિવ અરવિંદ મહેતાએ ભાગ લીધો હતો. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ અને રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ સચિવો પણ બેઠકની ચર્ચાઓમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સંવિધાને રાજયોને પ્રમુખ જવાબદારી આપી છે કે પોતાના રાજ્યના નાગરિકો માટે સામાજીક સેવાઓ અને તેને સમતુલ્ય ઉત્તરદાયિત્વને પૂર્ણ કરવા બધા જ પ્રકારની આર્થિક સેવા પ્રદાન કરે. તેમણે ઉમેર્યુ કે, આવી સેવાઓ પ્રદાન કરવા માટે રાજ્યોની આવક અને ખર્ચના અસંતુલનને કારણે રાજ્યોને ઋણ પર નિર્ભર રહેવું પડે છે. આ સંદર્ભમાં વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, ૧૪માં નાણાંપંચની ભલામણોમાં લગભગ ૨.૫૦ ટકાની કુલ વૃદ્ધિ થઈ છે પરંતુ એ પણ રાજ્યોની વિકાસ જરૂરીયાતોની આપૂર્તિ માટે પર્યાપ્ત નથી. તેમણે એમ પણ ઉમેર્યુ કે ૧૪માં નાણાંપંચની બહુધા ભલામણોનો રાજ્ય સરકારે અમલ કર્યો છે. મુખ્યમંત્રીએ નાણાપંચને રાજ્યોની મહેસૂલી આવક અને ખર્ચની જવાબદારીઓ વચ્ચેના પ્રવર્તમાન અસંતુલન પર વિચાર કરવાનો પણ અનુગ્રહ કર્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતમાં લગભગ ૫૦ ટકા આબાદી શહેરોમાં વસે છે અને શહેરીકરણનો વ્યાપ ઉત્તરોત્તર વધતો રહ્યો છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે આ અંગે ભારપૂર્વક જણાવ્યું કે, શહેરી ક્ષેત્રોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા અને સેવાઓમાં ગુણવત્તા માટે શહેરીકરણ સંદર્ભના માપદંડો પણ પંચે સમાવિષ્ટ કરવા જોઈએ. મુખ્યમંત્રીએ ગુજરાતના સુચારૂ નાણાં વ્યવસ્થાપન અને સર્વગ્રાહી વિકાસની વિશદ છણાવટ કરતાં પંચના અધ્યક્ષ અને સભ્યોને જણાવ્યું કે, દેશની કુલ જનસંખ્યાના ૫ ટકા આબાદી ધરાવતું ગુજરાત નેશનલ જી.ડી.પી.માં ૭.૬ ટકાનું યોગદાન આપે છે. ગુજરાત ઔદ્યોગિક વિકસીત રાજ્ય હોવા સાથે વ્યાપાર-ઊદ્યોગ માટે પસંદગીનું રાજ્ય પણ છે. એટલું જ નહિ, ભારતના આર્થિક સર્વેક્ષણના ૨૦૧૭-૧૮ના અહેવાલો અનુસાર સેવાઓ અને વસ્તુઓની નિકાસમાં ૧૭ ટકા યોગદાન ગુજરાતે આપ્યું છે.

# છાલા શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ ખાતે એમ.આર. રસીકરણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા ઓરી-



રૂબેલા અટકાવવા નિયંત્રણ કરવા શૈક્ષણિક સંસ્થાઓમાં એમ.આર. રસીકરણ અભિયાન અંતર્ગત છાલા સ્થિત શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ ખાતે રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા મોનીટરીંગમાં વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી શ્રીમતી સરિતાબેન પી. વૈષ્ણવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સુપરવાઈઝર ભરતભાઈ વાઘેલા, આરોગ્ય કર્મચારી પ્રફુલભાઈ પટેલ તથા તેમની ટીમે રસીકરણ અંગે ઉત્તમ કામગીરી બજાવી હતી. સાથોસાથ મહિલા કર્મચારીઓ અને આશાવર્કર બહેનો ઉપસ્થિત રહી ફરજ બજાવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય આર.એસ. ચૌધરી તથા શાળાનો તમામ સ્ટાફ સેવા કાર્યમાં બાળકોની સાર સંભાળ રાખી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.



## દેવકરણના મુવાડા વિસ્તારમાં રૂબેલા અને ઓરી રસીકરણમાં સિધ્ધી

રૂબેલા અને ઓરી રસીકરણના અભિયાન અન્વયે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા વિસ્તારમાં ચોથા દિવસે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ત્રણ શાળામાં રસીકરણ હાથ ધરાયું હતું. જેમાં દેવપૂરા, હિરાપૂરા અને ગુંદીયાની મુવાડીની પ્રાથમિક શાળાના ૧૫ વર્ષ સુધીના બાળકોને રૂબેલા અને ઓરીનું રસીકરણ કરવામાં આવ્યું હતું. એક પણ બાળકને આ અંગે કોઈ અડઅસર થવા પામી નહોતી જે માટે શાળાના શિક્ષકો, વાલીઓ તેમજ ગામના આગેવાનોનો સંપુર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો. લગભગ ૧૦૦ ટકા રસીકરણની સિધ્ધી મેળવીને રસીકરણ સફળતાપૂર્વક પાર પાડયું હતું. જેમાં દેવપૂરા શાળામાં ૪૩ બાળકો પૈકી ૧૦૦ ટકા બાળકોને રસી અપાઈ હતી તો હિરાપૂરા શાળામાં ૮૬ બાળકો પૈકી ૮૫ બાળકોને તેમજ ગુંદીયાની મુવાડી શાળામાં ૫૮ બાળકો પૈકી ૫૩ બાળકોને રસી અપાઈ હતી. રૂબેલા અને ઓરી રસીકરણ અંગેનો ડર અને શંકા આ લગભગ ૧૦૦ ટકા બાળકોને અપાયેલી રસીથી દૂર થયો હતો અને ગામ આગેવાનો અને વાલીઓએ પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓનો સફળતાપૂર્વકના રસીકરણ માટે આભાર માન્યો હતો.

# દહેગામ અને કલોલ ખાતે ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા રોજગારી અધિકારી દ્વારા દહેગામ અને કલોલ ખાતે વિવિધ એકમોમાં એપ્રેન્ટીસની બેઠકો તેમજ વિવિધ પોસ્ટ માટે સીધી જગ્યાઓ ભરવા માટેનો એપ્રેન્ટીસ અને રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. દહેગામ ખાતે તા. ૨૬મી જુલાઈના રોજ અને કલોલ ખાતે ૨૭મી જુલાઈના રોજ આ ભરતીમેળો યોજાશે.

દહેગામ ખાતે તા. ૨૬મી જુલાઈના રોજ સવારના ૧૦.૩૦ કલાકે ભરતી મેળો માહસુખલાલ નાથજીભાઈની વાડી, ભારત પ્રેટ્રોલ પંપ સામે, બરફની ફેકટરી પાસે, દહેગામ ખાતે યોજાશે. તેમજ કલોલ ખાતે તા. ૨૭મી જુલાઈ, ૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે ભરતી મેળો સરકારી ટેકનીકલ સંસ્થા, કલોલ પોલીસ સ્ટેશન સામે, અમદાવાદ-મહેસાણા હાઈવે, કલોલ ખાતે યોજાશે. આ બન્ને ભરતી મેળામાં ધોરણ- ૧૦ અને ૧૨ પાસ, આઈ.ટી.આઈ (તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજ્યુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ, બીસીએ ઉમેદવારો ભાગ લઈ શકશે. આ ભરતી મેળા આવનાર ઉમેદવારોએ પોતાનો બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે ઉપસ્થિત રહેવું. વધુ માહિતી માટે રોજગાર વીનિમય કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# સરકારી શાળામાં ૮ લાખ બાળકો ભણવામાં નબળા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૨૧,૬૮,૨૧૪ વિદ્યાર્થીઓમાંથી કુલ ૭,૯૩,૯૫૭ એટલે કે, ૩૬.૬૨ ટકા વિદ્યાર્થીઓ નબળાં છે. તેમાં ૧૦ ટકા એટલે કે, ૨,૧૪,૧૬૧ વિદ્યાર્થીઓ વાંચન, ૧૩ ટકા એટલે કે, ૨,૮૭,૧૯૨ વિદ્યાર્થીઓ લેખન તેમજ સૌથી વધુ ૧૪ ટકા એટલે કે, ૨,૯૬,૪૦૪ વિદ્યાર્થીઓ ગણિતમાં નબળાં હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો-વિદ્યાર્થીઓના નબળા દેખાવને લઈ રાજય સરકારે પણ ગંભીર ચિંતા વ્યકત કરી છે અને નબળા વિદ્યાર્થીઓ માટે મીશન વિદ્યા નામના ખાસ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે કે જેથી આવા વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સ્તર ઉંચું આવી શકે. રાજય સરકારના શિક્ષણ વિભાગ ધ્વારા ગુજરાતની સરકારી શાળાઓમાં ધોરણ ૬થી ૮માં અભ્યાસ કરતાં નબળાં વિદ્યાર્થીઓ માટે મિશન વિદ્યાના નામે આજથી સ્પેશ્યલ કલાસ શરૂ કરવામાં આવ્યા છે. નબળાં વિદ્યાર્થીઓને પ્રિય ગણાવી અપાનારૂ આ શૈક્ષણિક કાર્ય તા. ૨૩ જુલાઈથી આગામી તા. ૩૧ ઓગસ્ટ સુધી એટલે કે સવા મહિના સુધી ચાલશે. જેમાં શાળા શરૂ થયાંના એક કલાક પહેલાં અને શાળાના સમય દરમિયાન બે કલાક આવા પ્રિય બાળકોને શિક્ષકો દ્વારા ખાસ જ્ઞાન પીરસવામાં આવશે.

આ નબળાં વિદ્યાર્થીઓ પર ખાસ ધ્યાન આપવામાં શાળા તરફથી દાખવવામાં આવેલી નિષ્કાળજીના પગલે સરકારે ગંભીરતા દાખવીને સ્પેશ્યલ કલાસનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ સમગ્ર પ્રક્રિયા પર જીસીઈઆરટી તથા એસએસએ દ્વારા દેખરેખ રખાશે. આ મિશન વિદ્યામાં સૌથી વધારે અમદાવાદ જીલ્લામાં કુલ ૧,૩૦,૮૪૬ વિદ્યાર્થીઓમાંથી ૧૧,૧૭૦ વાંચન, ૧૫૩૨૮ લેખન તેમજ ૧૧,૬૦૬ ગણિતમાં નબળા છે. વડોદરા જીલ્લામાં ૭૧,૮૫૮ વિદ્યાર્થીઓમાંથી ૧૦,૨૬૮ વાંચન, ૧૩,૪૫૧ લેખન તેમજ ૧૨,૦૮૭ ગણિતમાં નબળા છે. જયારે રાજયના પાટનગર ગાંધીનગર જીલ્લામાં ૫૨,૮૬૫ વિદ્યાર્થીઓમાંથી ૬૮૮૬ વાંચન, ૯૫૯૩ લેખન તેમજ ૧૧,૩૩૧ ગણિતમાં નબળા છે.